# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day  : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# MAHILA BAL VIKAS MANGANI PASAR

ગુજરાત વિધાનસભામાં આજે મહિલા અને બાળવિકાસ વિભાગની સાત હજાર 689 કરોડ રૂપિયાથી વધુની અંદાજપત્રિય માગણીઓ પસાર કરવામાં આવી. આ ચર્ચામાં સહભાગી થતાં મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉક્ટર મનિષા વકીલે કહ્યું, આંગણવાડી બહેનોના હાથમાં સ્માર્ટફોન અને ‘પોષણ ટ્રેકર’ છે, જેનાથી છેવાડાના બાળક સુધી મળતી સુવિધાઓનું રિયલ ટાઈમ મોનિટરિંગ કરાય છે. આજે ટેક્નોલૉજીના માધ્યમથી પારદર્શકતા છેવાડાના નાગરિકો સુધી પહોંચી છે.

રાજ્યની 53 હજારથી વધુ આંગણવાડીઓમાં 48 લાખ લાભાર્થીઓ માટે કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I. આધારિત હાજરી પૂરવાની પ્રણાલિ માટે પાંચ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હોવાનું પણ સુશ્રી વકીલે ઉમેર્યું. વધુમાં તેમણે કહ્યું, ગુજરાત સમગ્ર દેશમાં 37.4 ટકાના સર્વાધિક ‘જેન્ડર બજેટ’ સાથે પ્રથમ ક્રમે છે.

# GUJARAT URBAN MALL

રાજ્યની ચાર મહાનગરપાલિકા અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં “નમો સ્વદેશી અર્બન મૉલ” બનાવાશે. ગુજરાત શહેરી આજીવિકા મિશન અંતર્ગત તૈયાર થનારા આ મૉલમાં સ્થાનિક કારીગરો, સ્વસહાય જૂથની બહેનો અને શેરી ફેરિયાઓને સ્વદેશી ચીજવસ્તુઓ વેચવા આધુનિક બજાર મળી રહેશે.

આ મૉલ દ્વારા ખરીદદારો અને વેચાણકારો વચ્ચે સીધું જોડાણ સ્થાપિત થશે, જેના કારણે ગ્રાહકોને સ્વદેશી ઉત્પાદનો એક જ જગ્યાએથી ઉપલબ્ધ થશે.

# GUJARAT VIDYAPITH DANDI KOOCH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ આજે દાંડીકૂચ દિવસ નિમિત્તે સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં શરરે પટેલે લખ્યું, 12 માર્ચ 1930ના રોજ સાબરમતી આશ્રમથી શરૂ થયેલી ઐતિહાસિક દાંડીકૂચ એ કેવળ એક પદયાત્રા નહતી, પરંતુ બ્રિટિશ સામ્રાજ્યના અન્યાયની વિરુદ્ધ જનક્રાંતિનો હુંકાર હતો. પૂજ્ય મહાત્મા ગાંધીજીના નેતૃત્વમાં સત્ય અને અહિંસાના આયુધ સાથે અન્યાયી મીઠાના કાયદાનો ભંગ કરી ભારતીયોની આઝાદીની લડતને નવી ઉર્જા અને દિશા આપનારા સૌ સત્યાગ્રહીઓને કોટિ કોટિ વંદન.

બીજી તરફ, અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ દ્વારા પણ દાંડીકૂચ દિવસની સ્મૃતિ નિમિત્તે પદયાત્રા યોજવામાં આવી હતી. આ અંગે ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ હર્ષદ પટેલે વધુ માહિતી આપી.

(BYTE: HARSHAD PATEL, VICE CHANCELLOR, GUJARAT VIDYAPITH)

# SURENDRANAGAR GAS TAPAS

સુરેન્દ્રનગરમાં જિલ્લા પૂરવઠા વિભાગ દ્વારા વિવિધ ગેસ એજન્સીઓની કચેરી પર આકસ્મિક તપાસ હાથ ધરાઈ છે. અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે, ગેસના બાટલાની સંગ્રહખોરી અને કાળાબજારીને અટકાવવા આ તપાસ કરવામાં આવી રહી છે. દરેક ગેસ એજન્સીના સંચાલકોને ઘર વપરાશના બાટલાનો જથ્થો પ્રાથમિકતાના ધોરણે લોકોને મળી રહે તે માટે કડક સૂચના અપાઈ છે. દરમિયાન કોઈ પણ અનિયમિતતા જણાશે તો કાયદેસરની કાર્યવાહી પણ કરાશે.

# WEATHER FORECAST

રાજ્યમાં ગરમીનો પારો સતત ઉપર જઈ રહ્યો છે. ત્યારે હવામાન વિભાગે આજે રાજકોટ અને સુરેન્દ્રનગરમાં તીવ્ર ઉષ્ણ લહેરની ચેતવણી આપી છે. હવામાન વિભાગની યાદી મુજબ, કચ્છ, બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, અમદાવાદ, મોરબી, પોરબંદર, જુનાગઢ, અમરેલી, આણંદ, વડોદરા અને સુરતમાં પણ આજે ઉષ્ણ લહેરની યલો એલર્ટ અપાઈ છે.

# RAJKOT CYCLE COMPETITION

જામનગરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા યોજાયેલી ઇન્ટર કૉલેજ રોડ સાયકલિંગ સ્પર્ધામાં 30થી વધુ લોકોએ ભાગ લીધો. સ્પર્ધામાં વિજેતા થયેલા પ્રથમ છ ખેલાડીઓ આગામી સમયમાં મહારાષ્ટ્રના ઓરન્ગાબાદ ખાતે યોજાનારી અખિલ ભારતીય આંતર-વિશ્વ વિદ્યાલય સ્પર્ધામાં ભાગ લેશે.

# DAMAN CAMP

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં એક સામાજિક સંસ્થા દ્વારા યોજાયેલી શિબિરમાં ઘરકામ કરતી અનેક મહિલાઓના ઈ-શ્રમ કાર્ડ અને આભા કાર્ડ તૈયાર કરાયા. તેમજ તેમને આ યોજનાઓ અંગે માહિતગાર કરવામાં આવી. ઉપરાંત દમણ ટપાલ કચેરીના સહકારથી અનેક બાળકીઓના સુકન્યા સમૃદ્ધિ યોજનામાં ખાતા પણ ખોલવામાં આવ્યાં.

# MAHESANA CHAITRI NAVRATRI

મહેસાણામાં આવેલા યાત્રાધામ બહુચરાજી મંદિર ખાતે આગામી 19થી 26 માર્ચ સુધી ચૈત્રી નવરાત્રિની ઉજવણી કરાશે. 18 તારીખે મંદિરમાં પ્રક્ષાલન વિધિ અને 19 તારીખે ઘટ-સ્થાપન કરાશે. જ્યારે 24 તારીખે શતચંડી યજ્ઞનો પ્રારંભ થશે. તેમજ આઠમના દિવસે માતાજીની પાલખી યાત્રા યોજાશે. ઉપરાંત બીજી એપ્રિલે ચૈત્રી પૂનમનો લોકમેળો યોજાશે. તેમાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ માતાજીના દર્શનાર્થે આવશે.